મહત્તમ : ૩૯.૨ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૨૪ ટકા
ગાંધીનગર તાપમાન

વાવોલ એસબીઆઈ બેંકમાં લુંટનો પ્રયાસ કરનાર ગેંગના બે સભ્યો પકડાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં સ્થિત એસબીઆઈ બેંક પર ફાયરીંગ કરીને લુંટનો પ્રયાસ કરનાર ગેંગના વધુ બે શખ્સોને પોલીસે દબોચી લીધા છે. આ કેસમાં એલસીબી પોલીસે અગાઉ છત્રાલથી ઈસંડ તરફના માર્ગ પરથી એકટીવા લઈને જતા ત્રણ આરોપીને ઝડપી પાડ્યા હતા અને આ આરોપીઓએ અન્ય ૬ આરોપીના નામ આપ્યા હતા. જેમાં આરોપી સચિન મન્નાલાલ બિંદ તેમજ અજીત રામદોર બિંદ (બંને રહે ઉતરપ્રદેશ)ની યુપી ખાતે લુંટના ગુનામાં ધરપકડ થઈ હતી. ત્યારે બે આરોપીને ટ્રાન્સફર વોરંટને પગલે યુપી પોલીસે સે-૭ પોલીસને સોંપ્યા હતા. બન્ને આરોપીને કોર્ટમાં રજુ કરાયા હતા. સરકારી વકીલ દ્વારા દલીલો કરીને ૭ દિવસના રીમાન્ડની માંગ કરી હતી. જો કે કોર્ટે સરકારી વકીલની દલીલોને ધ્યાને લેતા આરોપીના શનિવાર સાંજના ૫ વાગ્યા સુધી એટલે કે ૪ દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર અંગે કાર્યક્રમ યોજાયો

દર્દીઓને ટીબીની સારવાર દરમિયાન કોઈપણ ખર્ચ ના થાય અને સંપૂર્ણ સારવાર વિના મુલ્યે મળી રહે તે અંગેની માહિતી મલ્ટી પર્પઝ હેલ્થ વર્કસને પુરી પડાઈ

ગાંધીનગર, તા.૧૭

જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગર દ્વારા સિવિલ હોસ્પિટલના ૪ થા મજલે આવેલા કોન્ફરન્સ હોલમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરને માહિતી આપવા માટે એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લાભરમાંથી મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર ઉમટી પડ્યા હતા.

આ કાર્યક્રમાં વધુ માહિતી આપતા જિલ્લા ક્ષય અધિકારી ડો.એમ.બી.ચૌહાણે જણાવ્યું હતું કે ટીબીના કેસ વધુને વધુ શોધી કાઢીને તેમને સારવાર પર મુકવા, એકટીવ કેસ ફાઈન્ડીંગ સર્વેની કામગીરી સઘન થાય તે અંગે પણ કર્મચારીઓને માહિતી પુરી પાડી હતી. તમામ દર્દીઓને સરકાર દ્વારા દવાની સાથે સાથે પોષણ યોજના હેઠળ સારવાર ચાલુ રહે ત્યાં સુધી દર મહિને રૂ.૫૦૦ મળી રહે તે માટે આયોજન કરવુ, દર્દીઓને દવાની સાથે સાથે

ન્યુટ્રીશીયન મળી રહે તે માટે સ્થાનિક દાતાઓના સહયોગ લઈ દર્દીને કરીયાણાની કીટ મળી રહે તે માટે ખાસ આયોજન કરવુ, દર્દીઓને ટીબીની સારવાર દરમિયાન કોઈપણ ખર્ચ ના થાય અને સંપૂર્ણ સારવાર વિનામુલ્યે મળી રહે તે અંગેની માહિતી મલ્ટી પર્પઝ હેલ્થ વર્કસને પુરી પાડી હતી. ટીબીની સારવાર અને નિદાન તમામ સરકારી હોસ્પિટલ ખાતે મફત થાય છે તે અંગે સમાજના નાગરીકો સુધી આ માહિતી પહોંચે તે અંગે પ્રયત્ન હાથ ધરવા. જયારે આગામી વિશ્વ ક્ષય દિવસ તા. ૨૪ માર્ચના રોજ જન આંદોલનના ભાગરૂપે આ ટીબી નાબુદીના અભિયાનમાં તમામ સમાજના નાગરીકો જોડાય તે અંગે પ્રયત્નો કરવા માટે જણાવ્યું હતું. જયારે અંતમાં ટીબી હારેગા દેશ જીતેગા સંકલ્પ સાથે કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા ક્ષય ગાંધીનગરની ટીમના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

આજે એલઆઈસીના ગાંધીનગર ડિવીઝનના કર્મચારીઓ દ્વારા હડતાળનું એલાન

ગાંધીનગર, તા.૧૭

કેન્દ્રિય બજેટમાં નાણા મંત્રી નિર્મલા સીતારમણે વીમા ઉદ્યોગ સંબંધિત જે પ્રસ્તાવો રજૂ કર્યા છે જે રાષ્ટ્ર અને જનતા માટે ઘાતક હોવાનું જણાવતા વીમા ક્ષેત્રના તમામ કર્મચારીઓએ તા. ૮મી માર્ચ ગુરુવારના રોજ હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે. આ હડતાળમાં એલઆઈસીના ગાંધીનગર ડિવીઝન ખાતેના એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા પણ હડતાળનું એલાન કરવામાં આવ્યું છે. જેમાં ડિવીઝન કચેરીના તમામ કર્મચારીઓ જોડાશે. એલઆઈસી કર્મચારીઓ દ્વારા બજેટમાં પ્રસ્તાવિત એલઆઈસીના આઈપીઓ, વીમા ક્ષેત્રમાં વિદેશી સીધા રોકાણ-એફડીઆઈનો હિસ્સો વધારવા તથા એમેન્ડમેન્ટ ઓફ એલઆઈસી એક્ટ અંતર્ગત ખાનગીકરણને ઉત્તેજનની નીતિનો વરોધ કરવામાં આવી રહ્યો છે. વીમા ક્ષેત્રના કર્મચારીઓના મતે કેન્દ્ર સરકારના આ નિર્ણયો એલઆઈસી સહિતના વીમાક્ષેત્રના હિતમાં નથી તેથી તેને પરત ખેંચવા જોઈએ.

સોશ્યલ વર્કના વિદ્યાર્થીઓ જીવન આસ્થા હેલ્પલાઈનની મુલાકાતે

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ઈન્સ્ટિટયુટ ઓફ સોશિયલ વર્કના વિદ્યાર્થીઓએ જીવન આસ્થા હેલ્પલાઈનની મુલાકાત લીધી હતી. જેમાં હેલ્પલાઈનના લાયઝન ઓફિસર પ્રવીણ વાલેરાએ યુવાઓનું માર્ગદર્શન કરતા જણાવ્યું હતું કે 'પોતાના મિત્રો તથા સંબંધીઓમાં જાગૃતિ ફેલાવી આત્મહત્યાઓ રોકી શકાય છે તે માટે શ્રેષ્ઠ પ્રયાસ કરો અને પોતાના જીવનને હંમેશા પ્રેમ કરો. આમ છતાં આપને કોઈ પ્રશ્નો કે સમસ્યા મુંઝવતી હોય તો જીવન આસ્થા હેલ્પલાઈન નં. ૧૮૦૦૨૩૩૩૩૩૦ પર સંપર્ક સાધી શકો છો.'

એસએસવી સ્કૂલમાં કિડની રોગ સંબંધિત સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર ખાતે આવેલી એસ.એસ.વી શાળામાં **Indian Renal Foundation** દ્વારા કિડની તથા કિડની સબંધિત રોગો વિષેની માહિતી આપતો સેમિનાર યોજવામાં આવ્યો. જેમાં **Indian Renal Foundation** સાથે છેલ્લા ૧૪ વર્ષથી સંકળાયેલા જયેશભાઈ પટેલ દ્વારા માનવ શરીરમાં કિડનીનું કાર્ય, તેમાં થતા રોગો, રોગોના કારણો, લક્ષણો તથા તે રોગને અટકવવા માટે શું પગલાં લેવા જોઈએ તે માહિતી આપવામાં આવી હતી. આ સેમીનાર માં શાળાના ટ્રસ્ટી પૂજાજી સદાજી ઠાકોર, સંજયભાઇ પટેલ, શૈલેશભાઈ રાજગોર, વિજયભાઈ પટેલ, શાળાના શિક્ષકો તથા વાલીઓએ ભાગ લીધો હતો.

રેડ ડોટ કેમ્પેઈન અંતર્ગત માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૭

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેકટર-૭ ખાતે રેડડોટ કેમ્પેઈન અંતર્ગત માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

'સ્વાસ્થ્ય સ્વરોજગારી યોજના' અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ (કડી), ગાંધીનગર સંચાલિત સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર, સેકટર-૭ ખાતે ડૉ. હાર્દિક તલાટી (રેડ ડોટ કેમ્પેઈનના પ્રણેતા, ફીઝીયોથેરાપીસ્ટ-ઉપપ્રમુખ યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ), સંગીતાબેન પ્રજાપતિ (પ્રયોશા મહિલા વિકાસ ટ્રસ્ટ) તેમજ રિયા નિમાવત (ડાયરેટર, તસ્વીરે ગાંધીનગર ન્યુઝ

ચેનલ) દ્વારા કો ઓર્ડીનેટર નટુભાઈ લાડાણી અને શાળાના આચાર્ય મુકેશકુમાર જાની તથા ડબલ્યુ ડી સી કન્વીનર નિયતિબેન જે. વ્યાસની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીનીઓને સેનેટરી પેડના ઉપયોગ અને તેના નિકાલ, તેના કારણે પર્યાવરણને થતાં નુકસાન વિષે તેમજ તેને લગતી વિવિધ માહિતી પુરી પાડવામાં આવી હતી તેમજ સેનેટરી પેડના નિકાલ માટે લેડીઝ ટોયલેટમાં ડસ્ટબીન મુકવામાં આવી હતી. ઉક્ત મહાનુભાવો દ્વારા મળેલ માર્ગદર્શનનો લાભ ધોરણ-૭ થી ધોરણ-૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ લીધો હતો.

સામવેદી શ્રીમાળી બ્રાહ્મણો દ્વારા પ્રવાસનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

સમગ્ર રાજયમાં કોરોના મહામારીનું ગ્રહણ ઓછું થતાં ગાંધીનગર સામવેદી શ્રીમાળી બ્રાહ્મણોની કમિટીના મેમ્બરો દ્વારા મા-અંબાના દર્શન કરવા માટે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રવાસમાં મહુડી, ખેડબ્રહ્મા, કામાક્ષી મંદિર, ગબ્બરના દર્શન કરી મા-અંબાના ધામમાં માતાજીની પુજા-પાઠ કરી, અવનવી વાનગીઓનો થાળ ધરાવી સમાજ વતી કમિટીના મેમ્બરોએ મા-અંબાના આર્શીવાદ મેળવ્યા હતા અને વડનગરમાં શ્રી હાટકેશ્વર દાદાના દર્શન કરી આર્શીવાદ મેળવી ધન્યતા અનુભવી હતી. સમગ્ર પ્રવાસનું આયોજન કારોબારી સભ્યોના સાથ અને સહકારથી પ્રમુખ કિશોરભાઈ ત્રિવેદી અને મંત્રી વિમળાબેન અયાચી દ્વારા કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રી રૂપાણી દ્વારા 'વિચાર વૃક્ષ' પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી દ્વારા આજે ગાંધીનગર ખાતે યુવા લેખિકા મનીષા વાઘેલા લિખિત પુસ્તક 'વિચાર વૃક્ષ'નું વિમોચન કરાયું હતું.

મુખ્યમંત્રીશ્રીએ લેખિકાને પુસ્તક નિર્માણ માટે અભિનંદન આપીને લેખનકાર્ય આગળ વધતું રહે તેવી શુભેચ્છાઓ પણ પાઠવી હતી.

પુસ્તક પ્રેમી સ્વ. બિપીનભાઈ શાહના આ પુસ્તકના પથપ્રદર્શક છે. પ્રેરણાદાયી અને ચિંતનાત્મક પ્રકારના આ પુસ્તકના લેખિકા મનીષા નિમેષ વાઘેલા ગાંધીનગર ખાતે માહિતી ખાતામાં સહાયક માહિતી નિયામક તરીકે ફરજ બજાવે છે.

જન્મદિને વધામણી

પાહી ડી પરમાર

કનુભાઈ પંચાલ

પાવી ડી પરમાર



માયા બારોટ

ધનરાજસિંહ કરણસિંહ બિહોલા

યશ્વી કે ચૌહાણ
મો. ૯૭૧૨૭ ૩૩૩૧૬



મીત અશોકકુમાર ઉપાધ્યાય
મો. ૯૯૯૮૮ ૬૫૧૫૧

યુવરાજ દિનેશકુમાર રાઠોડ
મો. ૯૮૯૮૭ ૩૦૬૨૭

દેવીન્દ્રા સુથાર
મો. ૯૪૦૯૩ ૨૩૧૦૫

હેતાંશ અંકિતકુમાર લાલવાણી

રવિવારે સે-૨૨માં જૈન દેરાસર સામે પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરની પર્યાવરણ પ્રેમી તથા સેવાભાવી યુવાનોની સંસ્થા પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ દ્વારા વિશ્વ ચકલી દિવસને અનુલક્ષીને આગામી તા. ૨૧મી માર્ચ રવિવારના રોજ ચકલી તથા અન્ય અબોલ પક્ષીઓ માટે કાળઝાળ ઉનાળાની ગરમીમાં પીવાના પાણીની વ્યવસ્થા થઈ શકે તે હેતુથી પાણીના કુંડાનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. વર્લ્ડ સ્પેરો ડેને અનુલક્ષીને આયોજિત આ કાર્યક્રમ રવિવારે બપોરે ૩ કલાકે ગાંધીનગરના સે-૧૭/૨૨ નજીક સેકટર-૨૨માં જૈન દેરાસર સામેના ચીપ ટાઈપ શોપીંગ સેન્ટર ખાતેથી વિતરણ કરવામાં આવશે. આ સેવાકાર્યમાં દરેક વ્યકિતને વહેલા તે પહેલાના ધોરણે એક પાણીનું કુંડુ વિના મુલ્યે આપવામાં આવશે. પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટના આ સેવાકાર્યને મદદરૂપ થવા માટે અમિત ગોંડ મો. ૮૪૦૧૪ ૮૮૫૮૮, તેજસ ગામીત મો.નં. ૭૮૭૪૦ ૦૮૭૮૮, વિવેક પરમાર મો.નં. ૯૮૯૮૮ ૨૫૬૨૧ અથવા કલ્પેશ જોષી મો.નં. ૯૪૨૭૦૫૧૩૫૨નો સંપર્ક સાધી શકાશે. આ સંસ્થાને સેવાકીય પ્રવૃત્તિઓ માટે આપેલું દાન ૧૨એ-૮૦જી હેઠળ કરમુકત છે.

ધોળેશ્વર દાદાનો સુંદર શણગાર! ગાંધીનગર પાસે આવેલ પૌરાણિક ધોળેશ્વર શિવાલય ખાતે શિવલિંગ અને પાર્વતીજીને આજે ફુલોનો સુંદર શણગાર કરાયો હતો. દર્શનાર્થીઓ રોજ નવા સુંદર શણગારના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

આવતીકાલથી હેપ્પી યુથ કલબના 'હેપ્પી સ્પેરો વીક'નો પ્રારંભ

પાંચ હજાર 'ચકલી-ઘર'નું વિતરણ કરાશે : શહેરમાં વિવિધ સ્થળે જળ સિંચનની વ્યવસ્થા સાથે પક્ષી પરબોનું સ્થાપન કરાશે : હેપ્પી યુથ ક્લબ બાળકોને ચકલીઘર બનાવતા શીખવાડશે

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરમાં પણ સતત પાંચમા વર્ષે હેપ્પી યૂથ ક્લબ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિત્તે 'હેપ્પી સ્પેરો વીક'નું આયોજન કરવામાં આવ્યું છે. હેપ્પી સ્પેરો વીકનો પ્રારંભ તા. ૧૯મી માર્ચથી થશે જે તા.૨૭મી માર્ચ સુધી ઉજવાશે જેમાં શહેરમાં આશરે ૫ હજાર કરતા વધુ હેપ્પી ચકલી ઘરનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના સંકુલમાં તથા જાહેર સ્થળો ખાતે સમગ્ર ઉનાળાના સમય દરમ્યાન નિયમિત જળ સિંચન થાય તેવી વ્યવસ્થા સાથે વિવિધ સ્થળે માટીના કુંડાની પક્ષી પરબોનું સ્થાપન કરાશે. શહેરની કેટલીક પ્રાથમિક શાળાના બાળકોને વિના મૂલ્યે નકામા ખોખા કે પુંઠાના બોક્સમાંથી ચકલી ઘર બનાવવાવનું શિખવાડવામાં આવશે જેનો ઉદ્દેશ બાળકોને વૃક્ષો અને ચકલી જેવા પક્ષીઓના યોગદાન અંગે સમજ આપી બાળકોમાં પર્યાવરણના જતનની ભાવના કેળવાય તે માટે પ્રયાસ કરવામાં આવશે.

'હેપ્પી સ્પેરો વીક'ના પ્રોજેકટ કો-ઓર્ડિનેટર રાજુભાઇ મકવાણાએ જણાવ્યુ છે કે, 'આશરે ૧૦ વર્ષ પૂર્વે તેમના ઘરે માળો બનાવવા કાર્યરત એક ચકલી અકસ્માતે પંખામાં આવી જતાં કરૂણ મોતને ભેટી હતી. આ ઘટનાએ મારા હૃદયને હચમચાવી મૂક્યું હતું ત્યારથી મે નક્કી કર્યું હતું કે હું ચકલી કે તેના જેવા નાના કદના પંખીઓના સલામત વસવાટ માટે મારાથી બનતા પ્રયત્નો કરીશ. બસ ત્યારથી હું દર વર્ષે વિશ્વ ચકલી દિવસે 'ચકલી-ઘર'નું વિના મૂલ્યે વિતરણ કરું છુ. છેલ્લા પાંચ વર્ષથી હું હેપ્પી યૂથ ક્લબ સાથે જોડાઈને અમે હવે આખું 'હેપ્પી સ્પેરો વીક' ઉજવીએ છીએ. હેપ્પી યૂથ ક્લબ ગાંધીનગરમાં પર્યાવરણની જાગૃતિ અંગે કાર્યરત છે અને 'હેપ્પી સ્પેરો વીક'માં હેપ્પી યુથ ક્લબ દ્વારા શહેરમાં આશરે પાંચ હજાર હેપ્પી ચકલી ઘરનું વિના મૂલ્યે વહેલા તે પહેલાંના ધોરણે વ્યક્તિ દીઠ એક લેખે વિતરણ કરવામાં આવશે તેમજ સ્વયંસેવકોની ટીમો બનાવી શહેરના વિવિધ શૈક્ષણિક સંકુલો તથા કેટલાક જાહેર સ્થળો ખાતે આવનાર ઉનાળાની કાળઝાળ ગરમીમાં પક્ષીઓની તરસ છીપાય તે હેતુથી વિવિધ સ્થળે પક્ષી પરબ (માટીના કુંડા)નું સ્થાપન કરવામાં આવશે તેમજ તેમાં નિયમિત જળસિંચન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.' અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે તારીખ ૨૦મી માર્ચના રોજ સમગ્ર દેશમાં પર્યાવરણ પ્રેમીઓ તથા પક્ષીપ્રેમીઓ સહિત જીવદયા પ્રેમીઓ દ્વારા 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

હેપ્પી ચકલી ઘરનું વિતરણ ક્યાં અને ક્યારે?

વિતરણ સમય : સવારે ૮:૩૦ થી ૧૦ વાગ્યા સુધી

- તા.૧૯મી માર્ચ, શુક્રવાર : શ્રી બલરામ મંદિર આગળ, સેક્ટર-૧૨
- તા.૨૦મી માર્ચ, શનિવાર : પાટનગર યોજના ભવન સામે, સેક્ટર-૧૬
- તા.૨૧મી માર્ચ, રવિવાર : સ્વામિનારાયણ મંદિર પાસે, સેક્ટર - ૨
- તા.૨૨મી માર્ચ, સોમ : એસબીઆઈ બેંક પાસે, વાવોલ
- તા.૨૩મી માર્ચ, મંગળવાર : રાજવી ફૂડ કોર્નર, પ્રતિક મોલ, કુડાસણ
- તા.૨૪મી માર્ચ, બુધવાર : ઓશિયા મોલ પાસે, સેક્ટર-૨૫
- તા.૨૫મી માર્ચ, ગુરુવાર : અત્રીય કોમ્પ્લેક્ષ આગળ, સરગાસણ ચાર રસ્તા
- તા.૨૬મી માર્ચ, શુક્રવાર : રાધે ફાર્મસી પાસે, રિલાયન્સ ચોકડી, કુડાસણ
- તા.૨૭મી માર્ચ, શનિવાર : ઓમકારેશ્વર મંદિર પાસે, સેક્ટર-૪

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. વાઘેલા શણગારબા રજુજી**
  ઉ.વ. ૭૨, લેકાવાડા
- **સ્વ. બિહોલા અર્જુનજી પ્રતાપજી**
  ઉ.વ. ૯૩, પાલજ
- **સ્વ. રાઠોડ પુંજસિંહ પ્રતાપસિંહ**
  ઉ.વ. ૭૪, સીતવાડા, પ્રાંતિજ
- **સ્વ. વણઝારા ગણેશભાઈ ચેનસિંગ**
  ઉ.વ. ૪૨, સે-૨૪, છાપરાં
- **સ્વ. ધોબી રાજુભાઈ બાબુલાલ**
  ઉ.વ. ૫૬, સેકટર-૨૪
- **સ્વ. ઠાકોર કેશરબેન રણછોડજી**
  ઉ.વ. ૭૦, વાસણાચૌધરી, દહેગામ